# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર. ૬૬/૨૦૨૩-૨૪ થી જા.ક્ર. ૭૨/૨૦૨૩-૨૦૨૪ તારીખ-૦૮/૧૧/૨૦૨૩ (બપોરનાં ૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૦/૧૧/૨૦૨૩ (રાત્રિનાં ૧૧:૫૯:૦૦ કલાક) સુધી Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર ધોરણ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ **https://gpsc.gujarat.gov.in** અને **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક/ મુખ્ય કસોટીની સૂચિત માસ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | | | |
| ૬૬ | મત્સ્યોદ્યોગ અધિક્ષક (તાંત્રિક), વર્ગ-૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | જૂન-૨૪ | સપ્ટે.-૨૪ | ઓક્ટો.-૨૪ | GRAD/POST GRAD. | ૫/૩વર્ષ |
| ૬૭ | મદદનીશ નિયામક (રસાયણ જૂથ), વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | મે-૨૪ | ઓગ.-૨૪ | નવે.-૨૪ | Ph.D/POST GRAD. | ૩ વર્ષ |
| **જાહેરાત ક્રમાંક ૬૮/૨૦૨૩-૨૪, ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) ની છે** | | | | | | | | | | | | | | | | | | | |
| ૬૮ | અધિક મદદનીશ ઈજનેર (સીવીલ), વર્ગ-૩ (GMC) | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ફેબ્રુ.-૨૪ | મે-૨૪ | -- | DIP/BE-TCH CIVIL | ૨ વર્ષ |
| **જાહેરાત ક્રમાંક ૬૯/૨૦૨૩-૨૪ અને ૭૦/૨૦૨૩-૨૪, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. (GWRDC) ની છે** | | | | | | | | | | | | | | | | | | | |
| ૬૯ | ભુસ્તર જળશાસ્ત્રી, વર્ગ-૧ (GWRDC) | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | માર્ચ-૨૪ | જૂન-૨૪ | સપ્ટે.-૨૪ | POST GRADUATE | ૫વર્ષ |
| ૭૦ | ભુસ્તરશાસ્ત્રી, વર્ગ-૨(GWRDC) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | માર્ચ-૨૪ | જૂન-૨૪ | સપ્ટે.-૨૪ | POST GRADUATE | ૩ વર્ષ |
| ૭૧ | સાયન્ટિફિક ઓફિસર, વર્ગ-૨ (રસાયણ જૂથ) | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | મે-૨૪ | ઓગ.-૨૪ | નવે.-૨૪ | B.Sc./M.Sc. | ૨ વર્ષ |
| ૭૨ | આચાર્ય, આદર્શ નિવાસી શાળા (વિ.જા.), વર્ગ-૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | મે-૨૪ | ઓગ.-૨૪ | નવે.-૨૪ | PG & B.Ed. | ૫વર્ષ |

**નોંધ-અત્રે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારની સામાન્ય સમજણ માટે છે. ચોક્કસ પ્રકારની શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે જાહેરાતની જોગવાઇ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો ધ્યાને લેવાનાં રહેશે.**

- આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.
- ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ પ્રાથમિક કસોટી OMR/CBRT (Computer Based Recruitment Test) માધ્યમથી લેવામાં આવશે.
- બધી જ જાહેરાતો માટે પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.
- શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત પ્રમાણે રહેશે.
- **જા.ક્ર.-૬૮/૨૦૨૩-૨૪ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મહાનગરપાલિકા (GMC)ના કર્મચારી ગણાશે તથા જા.ક્ર.-૬૯/૨૦૨૩-૨૪ અને ૭૦/૨૦૨૩-૨૪ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ.(GWRDC)ના કર્મચારી ગણાશે તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી. સદરહુ જગ્યાઓ માટે સંબંધિત નિગમ/મહાનગરપાલિકા નાં ભરતી નિયમો અને અન્ય તમામ નિયમોને આધિન આ જાહેરાતો આપવામાં આવે છે.**
- **(૧) કોઈ પણ જાહેરાત સંબંધે એક જ અરજી કરવી. (૨) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૩) અરજી કરતી વખતે જ ઉમેદવારે પોતાનો ફોટો અને સહી અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું. જો ઉમેદવાર સિવાયનો ફોટો કે સહી હશે તો અન્ય કોઈ પૂરાવા માન્ય ગણાશે નહીં અને ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. (૪) ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી** “Editable” **છે. કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ/ભૂલ/ચૂક થાય તો તે બાબતે સુધારો કરવાની જરૂરિયાત જણાય તો** https://gpsc-ojas.gujarat.gov.in **ના** “Online Application” **મેનુમાં** “Edit” **વિકલ્પમાં જઇને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાના આખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે, જે બાબતે નવી અરજી કરવી નહીં. જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમય પૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.** (૫) તે ઉપરાંત ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક **(Application Form)** ની નકલ અવશ્ય ડાઉનલોડ કરી **SAVE** કરી લેવી અને તેમાં પોતાની તમામ વિગતો, ફોટો અને સહીની ચકાસણી કરી લેવી. **(૬) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૭) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે અને રૂબરૂ મુલાકત સમયે અચૂક રજૂ કરવાના રહેશે.**
- ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. આર્થિક રીતે નબળા વર્ગના (EWS) ઉમેદવારોએ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયા મુજબનું (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં જ રજૂ કરવું અને તે જ માન્ય ગણાશે.
- **બિન-અનામત વર્ગનાં ઉમેદવારો અરજી ફી પોસ્ટ ઓફિસમાં ચલણથી તારીખ ૦૧.૧૨.૨૦૨૩ સુધીમાં જે તે પોસ્ટ ઓફિસનાં કચેરી સમય સુધી ભરી શકશે અને ઓનલાઈન https://gpsc-ojas.gujarat.gov.in પર રાત્રિના ૧૧:૫૯ સુધી ભરી શકશે.**
- ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online** અરજી કરવા માટે **તારીખ-૩૦-૧૧-૨૦૨૩ના રાત્રિનાં ૧૧:૫૯ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે.** માટે આખરી દિવસ સુધી રાહ ન જોતા **Online** અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી **Confirm** કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં **Online** અરજીપત્રક ભરી **Confirmation Number** મેળવી લેવો ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે

**તારીખ-૦૭-૧૧-૨૦૨૩**

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)